<u>રેગ્યુલર દિવાની કેસ નં. ૧૪૦/૨૦૨૨</u>

## <u>આંક–૧ લગત હુકમ</u>

(૧) વાદીઓ તરફે આ કામના પ્રતિવાદીઓ સામે દાવાના કામે વેચાણ દસ્તાવેજો રદ્ધ કરાવવા, કાયમી મનાઇહુકમ તથા વિજ્ઞાપન મેળવવા માટે હાલનો આ દાવો દાખલ કરેલ છે.

(૨) હાલના કામે રેકર્ડ અને પ્રોસેડીંગને ધ્યાને લેતા સદરહું દાવો ઘણા સમયથી આંક–૫, ૬, તથા આંક–૩૭ સાંભળવા માટે હોય પરંતુ ઘણા સમયથી વાદી કે તેના વિ.વકીલશ્રી હાજર નથી. તથા પ્રતિવાદી તરફે આંક–૩૭ થી વાદીનો દાવો વાદી કે વાદીના વિ.વકીલશ્રી હાજર રહેતા ન હોય જેથી ડી.ડી.કરવા માટેની અરજી આપેલ છે. ત્યારબાદ બંન્ને પક્ષકારો કે તેઓના વિ.વકીલશ્રીઓ હાજર રહેલ નથી.

(૩) આમ, આજરોજ દાવાના કામે મુદ્દત હોય, બંન્ને પક્ષકારો તથા બંન્ને પક્ષકારોના વકીલશ્રીઓ હાજર નથી. તથા વાદી કે પ્રતિવાદી તરફે કોઇ રીપોર્ટ કે રજુઆત નથી. આમ, સદરહું દાવાના કામે બંન્ને પક્ષકારોની નિરસતા જણાય આવે છે. આમ, ઉપરોક્ત રેકર્ડ મુજબ સદરહું કામે વાદીની બેદરકારી અને નિરસતા ધ્યાને લેતા, આ કામને વધુ મુલત્વી રાખવું ન્યાયોચિત જણાતું નથી.

(૪) આ દાવો વાદીની કસુરના કારણે દાવાની કાર્યવાહી આગળ ચાલી શકતી ન હોય જેથી અસરકારક પ્રોસીક્યુશનના અભાવે રેકર્ડ પરની તમામ હકીકતો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઇ, વાદીનો હાલનો દાવો વાદીની બેદરકારીના કારણે **ડીસમીસ ફોર ડીફોલ્ટ** કરવાનો હુકમ કરવામાં આવે છે.

– વાદીને થયેલ દાવાનો ખર્ચ વાદીએ જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તારીખ–**૨૮** મી, માહે–**એપ્રિલ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:ઘોઘા
તા. ૨૮/૦૪/૨૦૨૬

**(અનમોલ શ્યામસુંદર ગોયલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
ઘોઘા જી.ભાવનગર
(યુનિક જજ કોડ જીજે.૦૧૬૨૨)